Extra No. 525

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

**Vol. LXVII ]　　MONDAY, SEPTEMBER 28, 2026 / ASVINA 6, 1948**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IV-C**

**Statutory Rules and Orders (Other than those published in Parts I, I-A and I-L) made by Statutory Authorities other than the Government of Gujarat including those made by the Government of India, the High Courts, the Director of Municipalities, the Commissioner of Police, the Director of Prohibition and Excise, the District Magistrates and the Election Commission, Election Tribunals, Returning Officers and other authorities under the Election Commission.**

**નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટ, ડભોઈ, જિ. વડોદરા**

પ્રાંત અધિકારીની કચેરી, તાલુકા સેવા સદન, ડભોઈ, તા.૨૪મી સપ્ટેમ્બર, ૨૦૨૬

**વંચાણે લીધુ.-**

૧. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, વડોદરાના હુકમ નં. રાચપ/ચટણ/ઉમેદવારખર્ચ/વશી/૧૭૫૮ થી ૧૭૨૩/૨૦૨૬ તા.૧૬/૦૭/૨૦૨૬

૨. માન.રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક:રાચપ/ચટણ/ચખમ/સ્થા./સ્વ/૬/૧૨૦૦૯/ક તા.૧૬/૦૧/૨૦૦૯

૩. માન.રાજ્ય ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક:રાચપ/ચટણ/સ્થા સ્વ/૬/૭૨૦૧૧/ક તા.૦૪/૦૭/૨૦૧૧ તથા માન રાજ્ય - ચૂંટણી આયોગના આદેશ ક્રમાંક:રાચઆ/ચટણ/સ્થાસ્વ/૬/જિ/તાપં/૧૧૨૦૨૧/ક તા.૧૬/૧૧/૨૦૨૧

૪. અત્રેના પત્ર નં.ચટણ/વશી/૭૯૦/૨૦૨૬, તા.૦૯/૦૯/૨૦૨૬

**પ્રસ્તાવના**

**નં. ચટણ/વશી/ ૮૪૬/૨૦૨૬:** રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મહાનગરપાલિકા, નગર પાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬થી જાહેર કરવામાં આવેલ જે સામાન્ય ચૂંટણી એપ્રિલ-૨૦૨૬ અંગેનું મતદાન તા.૨૬/૦૪/૨૦૨૬ના રોજ યોજાયેલ તથા તેની મતગણતરી તા.૨૮/૦૪/૨૦૨૬ના રોજ પૂર્ણ થયેલ છે, જેની વિગતે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, વડોદરાના વંચાણ-૧ના હુકમથી અત્રેના જિલ્લામાં જે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના ઉમેદવારોના ખર્ચના હિસાબો રજૂ થયેલ ન હોય, તેઓને વંચાણ-૧માં જણાવેલ વિગતે વંચાણ-૨ થી ૩ની જોગવાઈ મુજબ ગેરલાયક ઠેરવવા માટે સંબંધિત વિસ્તારના પ્રાંત અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવેલ છે.

માન.રાજ્ય ચૂંટણી આયોગના સંદર્ભદર્શીત આદેશોની જોગવાઇઓ મુજબ, ચૂંટણી લડતા દરેક ઉમેદવારે ચૂંટણી પ્રચારના કામે કરેલ તમામ ખર્ચના હિસાબો નિયત નમૂનાના રજિસ્ટરમાં નિભાવવાના રહે છે અને ચૂંટણી પરિણામ જાહેર થયા તારીખથી એક માસની મુદતની અંદર સદર ચૂંટણી ખર્ચના હિસાબો નિયત નમૂના મુજબના સોગંદનામા સાથે સક્ષમ સત્તાધિકારી સમક્ષ રજૂ કરવાના હોય છે.

આમુખ-૩ના આદેશના મુદ્દા નં.૭ (૧) (અ) મુજબ "ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો-૧૯૯૪ના નિયમ- ૨૩ (૧) અને ૨૩ (૨) હેઠળની જોગવાઇ અનુસાર જિલ્લા / તાલુકા પંચાયતની ચૂંટણીના ઉમેદવાર દ્વારા રાજ્ય ચૂંટણી આયોગના આદેશો મુજબ ચૂંટણી ખર્ચના હિસાબો યોગ્ય સત્તાધિકારીને રજૂ ન કરે ત્યારે તે ઉમેદવારને રજૂઆતની પૂરતી તક આપ્યા બાદ ઉમેદવાર કસુરવાર ઠરે તો તેને તાલુકા / જિલ્લા પંચાયતમાં છ વર્ષ સુધી સભ્ય થવા / ચાલુ રહેવા અને ચૂંટણીમાં ઉમેદવારી કરવા માટે ગેરલાયક ઠેરવતો હુકમ કરશે અને તેની જાણ રાજ્ય ચૂંટણી આયોગને કરશે." તેવી જોગવાઈ કરવામાં આવેલ છે.

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, વડોદરાના વેચાણ-૧ના હુકમમાં સામેલ વિગતે રાજ્યમાં એપ્રિલ-૨૦૨૬માં યોજાયેલ સ્થાનિક સ્વરાજ્યના એકમોની સામાન્ય ચૂંટણીઓના અનુસંધાને તાલુકા પંચાયત બેઠક - જરોદના ઉમેદવારશ્રી સોનલબેન ડી. ભાલીયા મુ.પો. જરોદ, તા.વાઘોડીયા, જિ.વડોદરાએ રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી કાર્યક્રમ તા.૦૧/૦૪/૨૦૨૬થી જાહેર કરવામાં આવેલ. જે અન્વયે નોંધાવેલ ઉમેદવારી પરત્વે ખર્ચના હિસાબો/રજીસ્ટર રજૂ/અપલોડ કરવાના બાકી છે.

ચૂંટણી અધિકારી, વડોદરા તાલુકા પંચાયત મતદાર વિભાગ અને નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી - સિંચાઇના પત્ર જા.નં.સિ.યો.પે.વિ.નં.૨૩/ચૂંટણી/૭૩૫, તા.૨૫/૦૫/૨૦૨૬થી જરોદના ઉમેદવારશ્રી સોનલબેન ડી. ભાલીયાને વારંવાર લેખિત નોટીસો તથા ટેલિફોનિક સુચના આપવા છતાં ચૂંટણી ખર્ચના હિસાબો રજૂ થયેલ નથી. સદર વિગતે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, વડોદરાના વંચાણ-૧ના હુકમની વિગતે અત્રેના વંચાણ-૪ના પત્રથી ઉમેદવારને તાત્કાલિક ચૂંટણી ખર્ચના હિસાબો રજૂ કરવા જણાવેલ છે. ત્યાર બાદ અત્રેના પત્ર નં.ચટણ/વશી/૭૯૦/૨૦૨૬, તા.૦૯/૦૯/૨૦૨૬થી ઉમેદવારને નિયત હિસાબો સહ રૂબરૂ તા.૧૪/૦૯/૨૦૨૬ના રોજ હાજર રહેવા જણાવેલ છે. આમ ઉમેદવારને રૂબરૂ હાજર રહી લેખિત રજૂઆત કરવા અથવા ચૂંટણી ખર્ચના હિસાબો રજૂ કરવા પૂરતી તક આપવામાં આવેલ છે, તેમ છતાં ઉમેદવાર નિયત સમયે રૂબરૂ હાજર રહેલ નથી કે કોઇ લેખિત ખૂલાસો રજૂ કરેલ નથી કે ચૂંટણી ખર્ચના હિસાબો રજૂ કરેલ નથી. આથી ઉમેદવારે જાણી જોઇને કાયદાકીય જોગવાઇઓનું ઉલ્લંઘન કરેલ હોવાનું સ્પષ્ટ સાબિત થાય છે. આથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

હું પ્રાંત અધિકારી, ડભોઇ "ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો-૧૯૯૪ તથા રાજ્ય ચૂંટણી આયોગના આદેશો તથા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી, વડોદરાના વંચાણ-૧ના હુકમથી સોંપાયેલ સત્તા/ અધિકારની રૂએ આદેશ કરું છું કે તાલુકા પંચાયત - જરોદ બેઠક સોનલબેન ડી. ભાલીયા મુ.પો. જરોદ, તા.વાઘોડીયા, જિ.વડોદરા દ્વારા ચૂંટણી ખર્ચના હિસાબો રજૂ કરવામાં કસુરવાર સાબિત થયેલ હોઇ, તેઓને હુકમની તારીખથી ૬ (છ) વર્ષની મુદત માટે તાલુકા પંચાયત / જિલ્લા પંચાયતના સભ્ય થવા કે ચાલુ રહેવા માટે અને ચૂંટણીમાં ઉમેદવારી કરવા માટે ગેરલાયક ઠેરવવામાં (Disqulified) આવે છે."

સદરહું હુકમથી નારાજ પક્ષકારોએ રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગર સમક્ષ હુકમની તારીખથી દિન-૬૦માં અપીલ રાહે દાદ મેળવી શકશે.

આજ રોજ તા.૨૪/૦૯/૨૦૨૬ના રોજ મારી સહી તથા સિક્કો કરી હુકમ બહાર પાડયો.

**સાગરકુમાર મોવલીયા,**
પ્રાંત અધિકારી,
ડભોઈ.

સ્થળ:- ડભોઈ
તા.૨૪/૦૯/૨૦૨૬

----------

Government Central Press, Gandhinagar.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press,
Gandhinagar
Date : 2026.09.30 18:45:54 IST